સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ચારિત્ર્ય હનન સાથે તૂ-તૂ, મૈં ની તડાફડી છે !
નિમ્ન શબ્દોથી ઉતારી પાડવાની ચડાખડી છે !
દોડાદોડી છે પંચમાં, લડાલડી ખરા-ખોટાની,
ઉચ્ચ નેતાઓની આ બાલસહજ રડારડી છે !

હાઈકુ

ઉચ્ચ નેતાઓ
કરે છે નિવેદન -
નિમ્ન સ્તરનાં...

'ભાષા' સ્તરે તો-
કોઈ 'સાંસદ' થવા-
લાયક નથી

ચિંતન

અહેયમનુપાદેયં મનોવાચામગોચરમ ।
અપ્રમેયમનાદ્યન્તં બ્રહ્મ પૂર્ણં મહન્મહઃ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવ્યો છે.

બ્રહ્મ ત્યજી ન શકાય તેવું, પકડી ન શકાય તેવું, મન અને વાણીનો વિષય બનતું નથી. બુદ્ધિથી ગ્રહણ થતું નથી, એ તો અનાદિ, અનંત, મહાન અને તેજસ્વરૂપ છે.

બ્રહ્મ એનું તત્ત્વ છે જે જીવ સ્વરૂપ સાથે સંકળાયેલું જ છે, અલગ નથી, થઈ પણ ન શકે. તેને પકડી પણ ન શકાય એવું તાત્ત્વિક સ્વરૂપ છે. બુદ્ધિ ગ્રહણ ન થઈ શકે તેવું માત્ર ધ્યાનમાં અનુભૂત થઈ શકે ચે. એ અનંદ-અનાદિ છે. બ્લેકહોલ જેવું વિરાટ-ગહન છે.

સુવિચાર

- જીવન દુખ નથી આપતું, જીવનમાં લીધેલા નિર્ણય દુખ આપે છે. - **રાજેન્દ્ર શુક્લ**
- મિત્રતા એટલે વાત વિનાની વાતો અને નાત વગરનો નાતો - **ઈશિતા**
- દિલમાં વસી ગયેલ નફરત ભુલી જવી એ પણ એક સ્વચ્છતા અભિયાન જ છે. - **બીપીન પટેલ**
- તુ ખુદ કી ખોજ મેં નિકલ, તુ કિસ લિયે હતાશ હૈ, તુ ચલ તેરે વજૂદ કી સમય કો ભી તલાશ હૈ **- આચાર્ય પ્રજ્ઞેશ**
- હીરાપારખુ કરતાં પીડાપારખુનું સ્થાન ઊંચું હોય છે - **મોરારિબાપુ**
- જેટલા ખરાબ અનુભવો એટલું જ મજબૂત વ્યક્તિત્વ - **એસ ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : બ્રાહ્મીના રસમાં મધ મેળવીને બાળકને પીવડાવવાથી બાળકોનું ખરજવું મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જૂના જમાનાની વાત છે. મુંબઈથી લોનાવાલા સુધીની યુવતીઓ માટે સાયકલ સ્પર્ધા યોજાઈ હતી. સાઈડ યુવતીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા યોજાનાર કમિટીમાં એક માનસશાસ્ત્રના પ્રોફેસર પણ હતી.

સ્પર્ધા શરૂ થયાના પ્રથમ કલાકમાં જ સમાચાર મળ્યા કે અડધો અડધ યુવતીઓ તો કર્જત સુધીમાં જ થાકી ગઈ અને સ્પર્ધામાંથી બહાર નીકળી ગઈ. ખંડાલાના ઘાટના તળિયે પેલા માનસશાસ્ત્રી પ્રોફેસરે જોયું કે હવે માંડ અગિયાર યુવતીઓ ટકી શકી હતી. પ્રોફેસરે અગિયારમાંથી સાતમા ક્રમાંકે સાઈકલ ચલાવનારી યુવતી જોઈને અનુમાન કરતાં તેમના મિત્રને કહ્યું, 'આ યુવતી કદાચ આ સ્પર્ધા જીતી જશે ?' મિત્રએ પૂછ્યું, 'શું તમે એને ઓળખો છો ?' 'તમને કેવી રીતે ખબર પડી ?' પ્રોફેસરે કહ્યું, હું આ સ્પર્ધામાં દરેક યુવતીના હાવભાવ, ટકી રહેવાની ક્ષમતા, લડી લેવાની તાકાતનું અનુમાન બાંધી રહ્યો છું. પેલા મિત્રએ કહ્યું, પરંતુ મને તો તે બાઘા જેવી જેવી લાગે છે. પ્રોફેસરે કહ્યું, ભલે તમે તેને બાઘી ગણો પણ એની બાઘાઈ જ તેને જીતાડશે. મિત્રએ કહ્યું, મારી સમજણ આ પ્રથમ ચાલતી યુવતી જ જીતી જશે.

લોનાવાલાથી ત્રણ કિમી પહેલાં તે સાતમા ક્રમાંકવાળી યુવતી બીજા ક્રમાંક પર હતી અને પહેલા ક્રમાંકવાળી યુવતી પાછળ રહી ગઈ હતી. થોડી જ વારમાં તે બાઘી દેખાતી પ્રથમ ક્રમાંકે લોનાવલા પહોંચી ગઈ. ત્યારે મિત્રએ પ્રોફેસરને કહ્યું, આપ ગજબ છો. પ્રોફેસરે કહ્યું, 'તે સાતમા ક્રમાંકવાળી યુવતી પાસે એક વધારાની તાકાત હતી તે હતી તેની અપાર ધીરજ. બીજી યુવતીઓ ઉત્સાહ અને તરવરાટમાં આ ધીરજ નહોતી. વિજય મેળવવા અખંડ-અપાર ધીરજ જોઈએ જે આત્મબળ આપે છે.'

રાજકારણમાં ફૂટ્યો જાતિવાદનો નવો ફણગો

તંત્રીસ્થાનેથી...

મહાન વિભૂતિઓના નેતૃત્વ હેઠળ છેક ૧૮૮૫થી ૨૦૧૯ સુધી ગંગાના પ્રવાહની જેમ દેશ આખાને પરિપ્લાવિત કરતી કોંગ્રેસ ચૂંટણીના રાજકારણમાં ગોથાં ખાતી હોય તો એનું શ્રેય વિરોધી વિચારસરણી ધરાવતા નરેન્દ્ર મોદી જેવા નેતાઓ કરતાં સવિશેષ મણિશંકર ઐયર, દિગ્વિજય સિંહ અને સામ પિત્રોડા જેવા કોંગ્રેસી આગેવાનોને જ આપવું રહ્યું. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પ્રબુદ્ધ કોંગ્રેસી નેતા મણિશંકર ઐયરે કરેલી ટીકાટીપ્પણી મોદી માટે પવનપાવડી બની ગઈ હતી. 'ચાયવાલા' કહી ઉતારી પાડવાની ચેષ્ટા કોંગ્રેસને ભારે પડી ગઈ હતી. એથી પણ પહેલાં સોનિયા ગાંધીએ એમના સ્ક્રિપ્ટ રાઈટરે લખી આપેલું ભાષણ વાંચીને ગુજરાતનાં વિધ્વસંકારી કોમી રમખાણો સંદર્ભે મોદીને લોહીના સોદાગર કહ્યા હતા. મોદી માટે એટલું બહુમાન એમને ગુજરાતમાં હેટ્રિક લગાવવા પૂરતું થઈ રહ્યું હતું.

પાંચ ચરણો પછી છઠ્ઠા ચરણની ચૂંટણીમાં દિલ્હી-હરિયાણા અને પંજાબ જેવાં રાજ્યોમાં મતદાન યોજાઈ રહ્યું છે ત્યારે વિચક્ષણ કૂટનીતિજ્ઞ નરેન્દ્ર મોદીએ ઈંદિરા ગાંધીની હત્યા પછી દિલ્હી અને દેશભરમાં શરૂ થયેલ શીખવિરોધી રમખાણોની યાદ અપાવી આ વિસ્તારના શીખ મતદારોને કોંગ્રેસ વિરુદ્ધ મતદાન કરવા ઉશ્કેર્યા છે. સામ પિત્રોડાએ સહજ ભાવે કરેલ ઉચ્ચારણ 'હુઆ તો હુઆ' મોદી એન્ડ કંપની માટે વરદાન સાબિત થાય તો નવાઈ નહીં.

રાજીવ ગાંધીએ તત્કાલિન નરસંહાર પ્રત્યે નારાજગી દર્શાવવાને બદલે એને હળવાશથી લઈ કરેલ નિવેદનના વિડીયો વાઈરલ થઈ રહ્યા છે. કોઈ મોટું ઝાડ ઊખડી પડે ત્યારે ધરતી તો ધ્રૂજે જ. વાત ખોટી નથી. ઈંદિરાજી હત્યા કોઈ સામાન્ય ઘટના નહોતી. શીખ આતંકવાદને ડામવાના પ્રયાસની એ ફળશ્રુતિ હતી. પરંતુ દિલ્હીમાં નિર્દોષ શીખોને ઘરમાંથી ખેંચી ખેંચીને સળગાવવામાં આવ્યા હતા અને રાજીવ ગાંધીની સરકાર મૂક પ્રેક્ષક બની જોતી રહી હતી. અદ્દલ એનું જ પુનરાવર્તન કહી શકાય એવો હત્યાકાંડ સાબરમતી ઍક્સપ્રેસમાં ગોધરા રેલવે સ્ટેશન પર રામ જન્મભૂમિના કારસેવકો જીવતા ભૂંજી નાખ્યા પછી ગુજરાતમાં પણથયો હતો અને એમાં મોદી સરકારની મૂક સંમતિ હોવાનું ચર્ચાયું હતું.

લોકશાહીમાં આવી કમનસીબ ઘટનાઓ બને એ માણસાઈ સામેનો પ્રશ્નાર્થ બની રહે છે. રાજીવ ગાંધીએ જેમને ટેકનોક્રેટ તરીકે અમેરિકાથી ભારત લાવી વિચારક્રાંતિ કરી હતી એવા સામ પિત્રોડા મૂળે તો ગુજરાતી સુથાર છે. એમણે મીડિયા સમક્ષ શીખ રમખાણો વિશે સહજભાવે ઉચ્ચારેલ વિધાન 'હુઆ તો હુઆ' કોંગ્રેસ માટે ભારે શિરોવેદના સર્જી રહ્યું છે. મોદી સહિત ભાજના જ નહીં, બલ્કે પંજાબના કોંગ્રેસી મુખ્યમંત્રી કૅપ્ટન અમરિંદર સિંહ સહિત બધાએ એની સામે ઊહાપોહ કર્યો છે. ભાજપ માટે તો પિત્રોડા પરભવના પિતરાઈ સાબિત થઈ રહ્યા છે. એમનું કહેવું તો એમ હતું કે થઈ ગયું તે થઈ ગયું - પાંચ વર્ષના મોદીશાસન દરમિયાન શું થયું એની વાત કરોને ! પરંતુ ભાજપના નેતાઓ અને સવિશેષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આટલું વિધાન શીખોના ભુલાયેલા અને રૂઝાયેલા ઘા તાજા કરી એમને કોંગ્રેસ વિરુદ્ધ મતદાન કરવા ઉશ્કેરી મૂકવા માટે પૂરતું થઈ રહે એવું છે. ડૅમેજ કંટ્રોલ માટે ખુદ રાહુલ ગાંધીએ નિવેદન કરવું પડ્યું છે કે પિત્રોડાએ માફી માગવી જોઈએ. ૧૯૮૪માં જે થયું હતું તે બહુ જ ખોટું થયું હતું અને એમાં સંડોવાયેલા લોકોને સજા મળવી જોઈએ. આ મુદ્દે ડૉ. મનમોહન સિંહ અને સોનિયા ગાંધી શીખ સમુદાયની માફી માગી ચૂક્યાં છે. ૧૯૮૪નાં રમખાણોનો ભોગ બનેલા પરિવારનો અને ૨૦૦૨નાં રમખાણોનો ભોગ બનેલા પરિવારોને ન્યાય મળવો જોઈએ. સામ પિત્રોડા જેવા વરિષ્ઠ ટૅકનોક્રેટ અને ગાંધી પરિવારના સલાહકાર માટે જાહેરમાં માફી માગ્યા સિવાય છૂટકો જ નથી રહ્યો. પરંતુ એથી શીખોની ઉશ્કેરાયેલી લાગણી થોડી ઠંડી પડવાની છે ? આવા એકાદ નિવેદનથી પાર્ટીની જીતવાની શક્યતાઓ પર પૂર્ણવિરામ મુકાઈ જતું હોય છે. આ તો હિંદુસ્તાનનો મતદાર છે. એના આળા મનને છંછેડવાની મૂર્ખતા કોઈ પણ પાર્ટીને મોંઘી જ પડે.

વૃધ્ધાવસ્થા સમૃધ્ધીની દિશા

જીવન દર્શન
ચિરાગ એસ જાની

ઘણાં પ્લાનિંગ હોવા છતાં, નાણાકીય નિર્ણયો ખોટી થઈ શકે છે, કેટલીક વખત એવા પરિબળોને કારણે કે જે આપણા નિયંત્રણમાં નથી. જ્યારે ભંડોળ મર્યાદિત હોય ત્યારે અને નિવૃત્તિ દરમિયાન આ બધા પરિબળ વધુ સંભવિત અને ખર્ચ ક્યારેક ક્યારેક વધી જાય છે.

જ્યારે કેટલાક ખરાબ નાણાકીય નિર્ણયો વધુ પ્રભાવિત કરતા નથી પરંતુ કેટલાક ગંભીર હોવાથી નિવૃત્તિ ભંડોળને ઘટાડી શકે છે. થોડા સરળ પગલાં લઈને, તમે તેમની સાથે થોડી વધુ સારી રીતે વ્યવહાર કરી શકો છો અને તમારી નાણાકીય સ્થિતિ સુધારી શકો છો.

ખરાબ નાણાકીય નિર્ણયથી પુનઃપ્રાપ્ત કરવું:

૧. સ્વસ્થ રહોઃ

નિવૃત્તિ દરમિયાન નાણાકીય નિર્ણય ખોટો થયો, જેનાથી તમારી નાણાકીય સંસાધનોની ઉપલબ્ધતા ગભરાટ અને નિરાશાના તબક્કામાં ફસાઈ જવાથી માત્રમાં યોગ્ય નિર્ણય લેવાની તક વધશે અથવા બંધ થશે.

૨. વિશ્લેષણ શું ખોટું થયું હતું.

એકવાર તમે તમારી જાતને એકત્રિત કર્યા પછી, ખરાબ નાણાકીય નિર્ણયનું કારણ શું છે તે નક્કી કરવા થોડો સમય લે છે. અકસ્માત જેવી કોઈ વસ્તુ પર તમારું નિયંત્રણ નહોતું અથવા તેનુ મોટુ તબીબી બિલ છે જેનાથી તમારું વીમો આવરી શકતું નથી.

૩. સમસ્યાનું સમાધાન શોધવાનો પ્રયાસ કરો.

સમસ્યાનો ઉકેલ લાવવા માટે તમે શું કરી શકો તેના પર નજર નાંખો, જે અંગે તેની નોંધ રાખવી અને માગણીની મર્યાદાને આધારે, તમે તેના વિશે કંઈક કરી શકો છો જો તમે એક નક્કર પગલા લેવાથી આવા સમયે વધુ સહાયની જરૂર પડી શકે છે.

૪. ખર્ચ અને દેવાને પ્રાધાન્ય આપો.

નિયમિત આવક વગર રોજિંદા ખર્ચાઓ ભરાઈ જાય તો ખૂબ મોટી મુશ્કેલ નથી. પરંતુ નાણાકીય ભૂલ પછી, તે મહત્વનું છે કે તમે તમારા નાણાંકીય વ્યવહારોને અગ્રતા આપી, શ્રેષ્ઠ રસ્તો એ છે કે તમારા બધા વિસ્તરણની યાદી પ્રાધાન્યતા પર આધારિત રાખવી. દરેક ખર્ચને અનુરૂપ રકમની સૂચિ પણ સહાયરૂપ છે. એકવાર તમે આ બધી માહિતી એકસાથે મૂકી દો, બિનજરૂરી ખર્ચને કાબૂમાં રાખવા અને પૈસા બચાવવાનું શરૂ કરો.

૫. બજેટ બનાવવું.

હાલના દેવા અને ખર્ચની આસપાસનો માર્ગ શોધવો પૂરતો નથી. તમારે તમારા ભાવિની કાળજી લેવા માટે તમે કેવી રીતે વિચારવું તે આવશ્યક છે તથા અનુભવો ને આધારે ભૂલને ટાળવું એ મહત્વનું પગલુ છે. આ માટે બજેટની તૈયારી કરવી સલામત સ્વરૂપે નાણાંકીય ખામીઓ રાખવા માટે એક શ્રેષ્ઠ રીત છે.

(ક્રમશઃ)

મમતા વાર્તા સ્પર્ધા : ૨૦૧૮ની ૧૩ વિજેતા વાર્તાઓની સમીક્ષા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આમ જોઈએ તો ટૂંકીવાર્તા લખવી એટલે નવોઢાનો શૃંગાર કરવા જેવી વાત છે. એમાં ક્યાંય કશુંય ખૂટવું જોઈએ નહી. કેમ કે સ્ત્રી શૃંગારમાં દરેક આભૂષણ, વસ્ત્રો, કેશકલા અને પદાર્થોનું મહત્ત્વ છે, તેટલું જ ટૂંકીવાર્તામાં એની શૈલી, ભાષા, ગૂંથણી, પીંડ, કથા, ગતિ, ભાવપ્રવાહ અને વીઝનનું છે. આ બધુ એક ચોક્કસ ફ્રેમમાં ભાવક સામે આવે તો જ ભાવક એના પ્રેમમાં પડે છે. ટૂંકીવાર્તાઓ આજકાલ ખૂબ લખાવા લાગી છે. પણ એ બધી ખરેખર ટૂંકીવાર્તાઓ છે કે કેમ ? એના પ્રશ્નો પણ ઘણા છે. અહીં મમતા વાર્તા સ્પર્ધાની ૧૩ વિજેતા વાર્તાઓની સમીક્ષા માત્ર અને માત્ર ટૂંકીવાર્તાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

૧) અપૂર્વ ચમક : કિરણકુમાર વી. મહેતા

પ્રકૃતિના કાવ્યાત્મક વર્ણનથી આરંભાતી આ ટૂંકીવાર્તા મનોવૈજ્ઞાનિક છે. પુત્રના માનસમાં મૃત પિતાના સંસ્મરણોનું તત્કાલીન જીવનમાં થતું ભ્રમિત આભાસીદર્શન અને તેમની પ્રવૃત્તિ તથા સ્મરણ સાથે ગૂંથાતા પુત્ર પિતાના સંવેદનના તંતુઓ વાર્તાનું ભાવવિશ્વ તો ઊભૂં કરે છે પણ વાર્તાનો જે સમગ્ર દેહ બનવો જોઈએ, જે પૂર્ણ પીંડ રૂપે વાર્તા બનવી જોઈએ તે રીતે બની શકતી નથી. વાર્તામાં કશુંક ખૂટતું અનુભવાય છે. માત્ર બે ત્રણ પ્રસંગો મૃત પિતાના સંસ્મરણોને સંદર્ભે દર્શાવીને નાયક અને ભાવક સાથે એક ભાવાનુસંધાન તો સધાય છે પણ કશું નીપજતું નથી. અંતે પુત્રનું પિતાના સ્મરણાસ્તિત્વમાં સમાઈ જવું પણ સામાન્ય બની રહે છે. વાર્તાની શૈલી કે ભાષા પણ સામાન્ય છે. જેમ એક હિંદી ફિલ્મમાં મગજમાં કેમિકલ લોચાને કારણે ગાંધીજી આવે છે તેમ જ અહીં મગજમાં કરોળિયાના જાળાં બાઝી જવાથી મૃત પિતાજી — જીવતા અનુભવાય છે. આ પ્રકારની કથાઓ સાહિત્ય અને ફિલ્મોમાં ખૂબ જ આવી ગઈ છે. તેથી અહીં કશુંય નાવીન્ય નથી અનુભવાતું. વાર્તા સામાન્ય બનીને રહી જાય છે.

૨) બીજો માણસ : રાજેશ પટેલ

આ ટૂંકીવાર્તા પણ મનોવૈજ્ઞાનિક રીતે આલેખાઈ છે. અહીં નાયક ''સંજીત''ની જેમ વ્યવહાર જગતમાં દરેક માણસની અંદર એક બીજો માણસ જીવતો જ હોય છે. પરંતુ આપણે સૌ સંજીતની જેમ પરિસ્થિતિવશ સમસ્યાઓ સામે ઝૂકીને જીવી લઈએ છીએ. જો પરિસ્થિતિ સામે હિંમતથી લડવામાં આવે તો ઈચ્છેલાં કામો પણ થાય છે અને ''હાઈ બ્લડપ્રેશર'' નો પ્રશ્ન પણ આપોઆપ ઉકેલી જાય છે. અહીં સંજીતના ઘરમાં ઘટતી ઘટનાઓમાં સાચ્ચે જ કંઈ બે સંજીત નથી કે નથી સંજીતનું ભૂત. પણ રીયલ સંજીતની અંદર જીવતો ''બીજો માણસ'' સંજીતના એ બધા જ કામ કરી આપે છે જે રીયલ સંજીત રીયલ લાઈફમાં નથી કરી શકવાનો અને વાર્તાના નાયક સંજીતને આ સત્ય સમજાય છે ત્યારે તે સૂઈ જાય છે અને અંદરના બીજા સંજીતને જ કામે લગાવીને જીવનને હળવું બનાવે છે. કથાની ગૂંથણી રસપ્રદ છે. વાચક એમાં રસવાતો જાય છે. એ બીજો માણસ કોણ હશે'ની ઉત્કંઠામાં વાર્તાના અંત સુધી ખેંચાતો જાય છે. વાર્તાનો અંત પણ એક સવિશેષ ઉદેશ્ય સાથે અને વાચકોના મનમાં ઉઠેલા પ્રશ્નોના સમાધાન સાથે પૂર્ણ થાય છે.

૩) ૨૦૫૬ : જીતેશ દોંગા

વર્ષ — ૨૦૩૯થી આરંભાઈને વર્ષ — ૨૦૫૬માં પૂર્ણ થતી આ અત્યાધુનિક વાર્તા માનવીય સંબંધો અને વિકસતી જતી યાંત્રિકતાની માર્મિક પીડા લઈને આવે છે. અહીં પુત્રી ગીત અને પપ્પાના અદ્વૈત સંબંધની સંવેદનાત્મક માવજત કરવામાં આવી છે. જન્મથી પિતાની હયાતીનો અભાવ અને મોબાઈલ સ્ક્રીન પર પિતાનું સતત અનુભવાતું સાનિધ્ય આ ટૂંકીવાર્તાના વિષયને અને સંવેદનાને શ્રેષ્ઠ બનાવે છે. અહીં અનાયાસે આવેલી પ્રેમની સરલ વ્યાખ્યા '' બસ કરી લે, જીવી લે '' અનેક પ્રેમગ્રંથોની વિદ્વતાને ઓળંગી જાય છે. એક એપ્લીકેશનમાં માનવીની બધી જ સંવેદનાઓનો યુગ હવે આવી જ રહ્યો છે. એવી વાત '૨૦૫૬'નું એક કરૂણ દૃશ્ય પિતા અને પુત્રી વચ્ચેની લાગણી અને યંત્રનું સાયુજ્ય ભાવકોના મનને પણ ભીંજવી દે છે. વાર્તાની શૈલી સરળ અને સીધી ગતિમાં છે. અહીં કોઈ આઘાત નથી પણ ઊંડી પીડા છે. માનવીય સંબંધો, સંવેદના અને યાંત્રિકતાની વચ્ચે ટળવળતું અનુભૂતિનું વિશ્વ અહીં પ્રગટે છે.

દસ નોંધપાત્ર વાર્તાઓ

૧) કબીલો : રાઘવજી માધડ

ગામની બહાર વસતાં વિચરતી અને વિમૂક્ત જાતિના કબીલાઓની વાસ્તવ સ્થિતિ અને ઉચ્ચ સંસ્કાર લઈને આવતી આ વાર્તા એક પૌત્રી વિજુ અને દાદાની મનોસ્થિતિની માર્મિક પીડા વ્યક્ત કરે છે. અહીં ઘટના સામાન્ય છે પણ એની રજૂઆત — સંવેદન ઉચ્ચ સ્તરીય રીતે યોજાય છે. દાદુનું જીવન, કબીલા પ્રત્યેની મમત, વિજુની એક યૌવનસહજ ભૂલ, સમજ અને ગેરસમજ વચ્ચે ઝૂલતાં વિજુ, દાદુ અને વાંચકોની લાગણી. એવી ઉત્તમ વાર્તા, બળકટ બોલી — ભાષા પ્રયોગ, ભાવગૂંથણી અને પાત્રોની મનોવ્યથાનું પ્રાગટ્ય એક ટૂંકીવાર્તામાં કેટલું બધું ઠાંસી ઠાંસીને ભરી શકાય છે એનો ઉત્તમ નમૂનો આ વાર્તા બને છે. માર્મિક અને દુઃખદ અંત વાંચકોને પણ પીડિત કરી મૂકે છે. આજે માર્મિક સંવેદન અને બળકટ ભાષાયુક્ત ટૂંકીવાર્તાઓ ખૂબ ઓછી લખાય છે ત્યારે આ વાર્તા નવા વાર્તાકારો માટે એક સિમાચિહનરૂપ છે.

૨) બીજ બદલો : દિનુ ભદ્રેસરિયા

વાર્તાની માંડણી, ગતિ અને શૈલી સારાં. જો કે અનેક વાર્તાઓમાં આવી કથાઓ આવી ગઈ છે, પણ અહીં કથા કરતા એની રજુઆત, તળપદી બોલી, એમાં વપરાતી કહેવતો, ગ્રામચૂંટણીનું તાદશ્ય વાતાવરણ, ઠાકોરવાસ અને ઉજળિયાત કૉમ વચ્ચેનો સંઘર્ષ, પરંપરા, મુખી, મગનલાલ માસ્તર, ગોવો, પશો, વગેરે જીવંત પાત્રો વાર્તાના શિલ્પને મજબૂત બનાવે છે. કથાના ટૂંકા ફલક પર આટલા પાત્રોને ઉપસાવવાની કળા અહીં સિદ્ધ થાય છે. બધા મુખ્ય પુરુષ પાત્રોની વચ્ચે ક્યાંક મુખીના ચૂંટણીજંગમાં નારીનું પાત્ર હોત તો કથા વધુ રોચક બની શકી હોત. વાર્તાનો અંત '' રઘજી... બીજ બદલો થયો સૂઅ એ આજઅ સાબૂત થયું. '' આ વાક્યથી આપવાની જરૂર હતી. પછીની બધી ચોખવટ — સ્પષ્ટતા વાચકોના મન પર છોડી દેવાથી વાર્તા વધુ સક્ષમ બની શકી હોત. આમ છતાંય કલાત્મક ગૂંથણી, જીવંત ગ્રામજીવન, સંઘર્ષ, સમાજ, માનસિકતાનું ચિત્રણ વાર્તાને જરૂર આસ્વાદ્ય બનાવે છે.

૩) દોખ્મે નશીની : ધર્મેશ ગાંધી

થોડી જુદી કથાવસ્તુ લઈને આવતી આ ટૂંકીવાર્તા ભારતની આઝાદીના સમયની છે. કથામાં વિશેષ તત્ત્વ કંઈ નથી પણ એક અંગ્રેજ અફસર 'નિકોલસ'ની ક્રુરતા અને સંવેદનશીલતા ને સ્વપ્ન અને વાસ્તવની પરિસ્થિતિ દ્વારા રજુ કરી કથાની ગૂંથણી દ્વારા વાર્તાને રસપ્રદ બનાવવામાં આવી છે. દીકરીનો જન્મ તો મા આપે છે પણ એ જ અવતરેલી દીકરી પિતાને 'પિતા' તરીકેનો જન્મ પણ આપે છે. ક્રુર અફસર પિતા બનતા જ ઈંગ્લેન્ડ પરત જાય છે. અંગ્રેજ અને પારસી માહોલ વચ્ચે કથાના પાત્રોનું મનોમંથન આસ્વાદ્ય બને છે. આ વાર્તા પણ એક જ વર્તૂળમાં પોતાનું ભાવવિશ્વ લઈને આવે છે.

૪) પડળ : સુરેશ કટકિયા

''પડળ'' એક સંવેદનશીલ વાર્તા બની છે. આંખના પડળની પીડા તો અનુભવાય છે પણ મનના પડળની પીડા પણ અહીં સંવેદ્ય બને છે. વાસ્તવની દુનિયાની સ્વીકૃતિ ને મનની કલ્પનાની સુખાનુભૂતિ વચ્ચેનો સંઘર્ષ હરખા ડોસાના પાત્ર દ્વારા સરસ રીતે અંકિત થયો છે. ડોસાનું તત્કાલીન જીવન, અતીતમાં હરખા અને કેસરના મદમસ્ત સંબંધો, ગ્રામબોલીનો વિનિયોગ, લહેકા, રિવાજોની વાત વાર્તાને ગતિ આપે છે. (ક્રમશઃ)

મજા - એ - મુફત..!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

હમણાં જ વોટ્સઅપ પર એક વિડીયો વાઈરલ થયેલો ...સુટ-બુટમાં સજ્જ અનેકો મહાનુભાવો કોઈ અધિવેશનમાં આઈસ્ક્રીમના કપની લુંટફાટ કરતા હતા ...બધા એકદમ સજ્જન અને સુસંસ્કૃત લાગતા હતા એટલું જ નહી પણ કોઈ અધિવેશનમાં આવેલા ડેલીગેટસ છે એવું એ વિડીયોમાં કહેવામાં આવેલું ...અધિવેશનમાં આપવામાં આવતા આઈસક્રીમના કપને વ્યક્તિદીઠ લેવાય એટલી સંખ્યામાં લેતા જોઈને હસવું તો આવી જ ગયું પણ સાથેસાથે માનવમનના એક મહત્વના પાસાના પણ દર્શન થયા ...અને એ પાસું છે 'મફત' મળે તો લડી લેવું ...! આઈ મીન મફત મળતું હોય ત્યારે આગળ-પાછળ કે આજુ-બાજુ જોયા વગર ખિસ્સા કે પછી જે ભરાઈ એ ભરી લેવું ...! કોઈ કવિતામાં કહ્યું છે ને કે 'ગમતાનો કરીએ ગુલાલ ' બસ કૈક એવી જ રીતે ' મફતનો કરીએ ઉત્સવ' (અહી લુંટફાટ દરેક વખતે લાગુ નથી પડતું બબુઆ ..!) ...અલ્યાઓ ..આયોજકોએ ખાવા માટે જ તો હિમક્રીમ રાખેલો, હા જરા 'મફત' મેળવવાની લ્હાયમાં લુંટફાટ જેવું થઈ ગયું તો શું હે ...? નથીંગ રોંગ ના ...! આ તો છીંડે ચડ્યો ચોરની જેમ આ બાપડાઓ વિડીયોમાં ઝડપાઈ ગયા બાકી જ્યાં જ્યાં ' ફ્રી ' કે ' મફત...મફત...મફત ' નો નાદ સંભળાશે ત્યાં ત્યાં આ સિનારિયો અચૂક દેખાશે...પછી એ કોઈ મોલમાં હોય ...ફૂટપાથ પર હોય કે પછી ઓનલાઈન હોય ...! સાલું આ ફ્રી કહેતા મફતની મોહમાયા ગરીબ હોય કે તવંગર બધાને એકસરખી જ લાગે છે ... હા ક્યારેક એનું સ્થળ બદલાઈ પણ ' મફત ' બીના ચૈન કહા રે ... ગાતા ગાતા સકલ બ્રહ્માંડમાં હું ને તમે એને શોધતા ફરતા હોઈએ છીએ... હૈ કી નહિ...?

અસલમાં આ ' મફત ' શબ્દ સામે સકલ બ્રહ્માંડમાં અમારા સહીત અનેકોને સખત વિરોધ છે . શેનું મફત ભાઈ...? એ આપે છે ને આપણે લઈએ છીએ....આપણે નહિ લઈએ તો કોઈ બીજું લેશે ...કોઈ બીજું નહિ તો કોઈ ત્રીજું ...પણ લેશે તો ખરું જ ને . એ આપવા બેઠા છે તો દોણી સંતાડવાનો શું અર્થ હે ?.!!! અરે મિત્ર કોઈ ૨૦૦ ગ્રામ ટુથપેસ્ટ પર ૫૦ ગ્રામ ટુથપેસ્ટ મફત — આઈ મીન ફ્રી આપે છે તો એના આ ઉત્સાહને આપણે વધાવવો જોઈએ નહિ કે મફત મળે છે લઈ લ્યો લ્યા..કહીને નીચું દેખાઈ એવું કરવાનું ...!! શાકભાજી સાથે મરચા-કોથમીર મફત માંગવાનો ઉપક્રમ તો સદીઓથી ચાલતો આવે છે એટલે શું એ મફતનો કોઈ મહિમા જ નહિ ? ભલે ને ભાવ કસીને શાકભાજી લીધી હોય પણ જ્યાં સુધી રકઝક કરીને પણ પેલી ફ્રી કોથમીર-મરચા મળે નહિ ત્યાં સુધી આપણે શાક લેવાનો સંતોષ ના લઈ શકીએ ...!! કોઈને મિસકોલ મારવો (કેમકે એ ફ્રી છે) એ કઈ કંજુસાઈની નિશાની થોડી છે ? એક કરોડ ખર્ચીને ફ્લેટ લીધો હોય પણ ઘરે આવનાર મહેમાનને ફ્લેટની સાથે સાથે ગર્વથી — સીના તાન કે ફ્લેટની સાથે ' ફ્રી ' આવેલું ૪૦ ઈંચનું એલઈડી ના બતાવીએ તો ફ્લેટ લેવાની મજા જ મરી જાય ..!!! ૩-૪ મહિના એકદમ ધ્યાન રાખીને કાપેલા કુપનો ચોટાડીને ૩૦-૫૦ રૂપિયાની ફ્રી ગીફ્ટ લેવા લાઈનમાં ઉભા રહેવામાં શરમ શેની ...? એ આપણો અધિકાર છે (આવું દિલને સમજાવવા કહી જ દેવું)...!! જીઓ કે બીજા સર્વિસ પ્રોવાઈડર બધા કોલ ફ્રી આપે છે અને એ પણ અનલીમીટેડ અને આપણે નોનસ્ટોપ વાતો કર્યે જઈએ છીએ પણ યુ કનો સાચી મજા ફ્રી અનલિમિટેડ કોલિંગમાં નહિ પણ 'ફ્રી' અનલિમિટેડ કોલિંગમાં છે ..!!!! કુછ સમજે કી નહિ ...!!!!! ના સમજાય તો ફરી વાંચો ....(ફરી હો .' ફ્રી ' નહિ)...!!!

'મફત ' શબ્દ જ એવો છે કે દુરદુરથી પણ બોર્ડમાં લખેલો આ શબ્દ દેખાઈ જાય કે છાપાની જાહેરાતો વચ્ચે ગમે ત્યાં છુપાયેલો હોઈને તો પણ આ શબ્દને આપણે બાકાયદા પકડી પાડીએ ...!!! અને જો ના જોવા કે વાંચવા મળે તો 'તું છુપા હૈ કહા, મૈ તડપતા યહા ' ગવાઈ જ જાય ...!! આ શબ્દની તાકાત જ એવી છે કે કોમામાં ગયેલા પેશન્ટના કાનમાં જો ડોક્ટર આ બોલે તો બની શકે કે પેલો હોશમાં પણ આવી જાય ...!!! ' મફત ' શબ્દનો જલવો જ એવો છે કે ડાયેટ પર રહેલો ઈન્સાન પણ મફત મળતું હોય તો સમોસું વિથ ગ્રીન ચટની બિન્દાસ ખાઈ નાખે ...ડાયેટ કી ઐસી કી તૈસી !! ભવિષ્યમાં કામ લાગી શકે છે એમ વિચારીને જો મફત મળતી હોય તો લોકો ઝેરની ગોળીઓ પણ લઈને સંઘરી રાખે !!! અસલમાં ' મફતમાં મળે તો માણસ ઝેર પણ ના છોડે ' એ કહેવત છે જ ..!! મૂળ ચીજ સાથે મફત મળતી ચીજ નબળી હોય કે પછી નબળી ચીજ સાથે મળતી ફ્રિ ચીજ સબળી હોય એની સાથે આપણે શું લેવાદેવા ..? આપણે તો અર્જુને જેમ માછલી પર નજર રાખેલી એમ ' ફ્રી ' ચીજ પર નજર રાખવાની ..!!!

પણ આમ જોવા જાવ તો કશું જ ખરેખર મફત હોતું નથી.. બધો મનનો વહેમ છે બચ્ચા ..!!!. સાબુ કે શેમ્પુ કે ખાંડ કે બિસ્કીટ સાથે ફ્રી મળતા પાઉચ કે બીજી ચીજો એ ભવિષ્યના કસ્ટમર ઉભા કરવાનો કારસો હોય છે ...મફતમાં મળેલ ૧૦ મિગ્રા શેમ્પુ વાપરનારમાંથી કાલે સવારે અર્ધા પણ એ જ શેમ્પુની ૨૦૦ રૂપિયાવાળી બોટલ ખરીદે તો પણ પેલા મફત પાઉચ આપવાવાળાનો બેડો પાર થઈ જાય ...!!! વેબ્સાઈટ પર ખાલી લોગીન કરીને ફ્રી કોફી કે નાસ્તો મેળવનારા લોકોના પ્રોફાઈલ ડેટાની કીમત પેલી કોફી કે નાસ્તાથી વધુ જ હોય છે ....!!! ગયા વર્ષે જ મદ્રાસ હાઈકોર્ટે એક ચુકાદો આપેલ કે મફતમાં અપાતા ચોખાને લીધે લોકો આળસુ થઈ ગયા છે એટલે હવેથી સરકાર દ્વારા અપાતા મફત ચોખા ફક્ત બીપીએલ પરિવારોને જ આપવામાં આવે ...!!! કોર્ટે નોંધેલું કે સરકારે દરેક વર્ગો માટે લાગુ કરેલી આ ' મફત ચોખા યોજના ' ને લીધે લોકો સરકાર પાસેથી હજુ વધુ ચીજો મફત મળે એવી આશા રાખતા થઈ ગયા છે ...!!! છે ને જબરું ...!! જો કે સરકાર દ્વારા આપતી સબસીડી, મફત પાણી , આરોગ્ય કે શિક્ષણ જેવી કે બીજી મફત યોજનાઓથી નીચલા સ્તરે જીવતા , જરૂરીયાતમંદ લોકોનું કલ્યાણ થાય છે એ હકીકત છે ,,!!! પણ એ મફત ને આપણું મફત બંને અલગ છે હો ...!!!

આ સરકાર પરથી જ યાદ આવ્યું કે મફતની સૌથી વધુ જાહેરાતો અને લહાણી પણ આ રાજકારણીઓ જ કરે છે ...!! એમાયે અત્યારે ચૂંટણીની મોસમ છે ..ફ્રી નાસ્તા, રોકડાની રેલમછેલ અને જમણવારો તો ખરા જ પણ એ સિવાય પણ કોઈ ફ્રી લેપટોપ તો કોઈ ફ્રી સાડી કે ઘર કે દેવામાફી કે પછી ના જાને ક્યા ક્યા ....!!!! મફત એપ ડાઉનલોડની સાથે ભલેને આપણા કોન્ટેક્ટ કે બીજું લઈ લે ...હું કેર્સ ? પાણીપુરી ખાધા પછી ' ફ્રી ' મસાલાપુરી ખાવી એ આપણો અધીકાર છે !!! સાધુ-સંતો તો કહે કે મફતમાં મળેલી ચીજો સંતાપ લાવે છે પણ એમને શું ખબર કે ફ્રી માં આવેલી ચા ની ૨૦ ગ્રામની ડબ્બી પાડોશીને બતાવવામાં કેટલો આનંદ આવે છે ...!!! ભલે ને ૨૦૦ ના ફ્રી ડાઈનીંગ વાઉચર વાપરવા ૭૦૦ નું ડીનર કરવું પડે ...તો શું થયું ? એમાયે ૨૦૦ નો ફાયદો તો થયો કે નહિ ...? હમેશા મોલમાં , શોપીંગમાં કે જ્યાં જ્યાં નજર મારી ઠરે ત્યાં ત્યાં જો કોઈ સ્કીમ ' ફ્રી ' કે ' મફત ' વાળી હોય તો ના આવ કે તાવ દેખ્યા વગર એ વસ્તુ-સ્કીમ-ઓફર ઝડપી લેવી એ જ આ યુગનો સનાતન — સિદ્ધ મંત્ર છે વત્સ ....!!!!!!!

વિસામો

હોટેલ એસોસિયેશનનો એક રીપોર્ટ કહે છે કે હોટેલમાં ઉતરનાર મોટાભાગના લોકો રૂમમાં રાખેલા સાબુ-શેમ્પુ-તેલ-ટુવાલ જેવી ચીજો ચેકઆઉટ કરતી વખતે સાથે લેતા જાય છે કેમકે રૂમભાડા સાથે આ બધું ' ફ્રી ' જ ગણાય એવું ગ્રાહકોનું માનવું છે ..!!! — વાત ખોટી'ય નથ ...!!!